# ભયંકર સફર

બાદશાહ અકબર અને મહારાણા પ્રતાપસિંહના સમયની આ કહાણી છે.

તે સમયે સુરત મોટું બંદર હતું.

સુરત પાસે એક ગામ.

તાપીને કિનારે જ.

ત્યાંથી દરિયો પણ ઘણો નજીક.

આ ગામના ઘણા માણસો વહાણોનું કામ કરતા.

માનસેનના પિતાજી પણ એ જ કામમાં હતા. બીજા ઘણા સુરતમાં વેપારમાં પણ કરતા. તે સમયે સાગરમાં વહાણો ઘણાં ચાલતાં હતાં.

માનસેનના પિતાજી નાળિયેરના મોટા વેપારી હતા. તેમનાં પોતાનાં પાંચ વહાણ હતાં. આપણા દેશનો માલ વહાણો ભરીને પરદેશમાં લઈ જતા હતા.

લંકા એટલે સિલોન.

ત્યાં નાળિયેરી ઘણી થાય છે. વહાણમાં ભરી ભરીને નાળિયેર સુરત લઈ આવે. કોપરાંના ગોળા પણ લાવે.

માનસેનના એક મોટા ભાઈ લંકામાં હતા. ત્યાંથી નાળિયેર ખરીદે અને વહાણમાં ભરીને સુરત મોકલી આપે.

માનસેનનું ભણતર પૂરું થયું હતું. ગામમાં નિશાળ હતી. ગણિત ભણી લીધું. વાંચતાં, લખતાં અને હિસાબનું શીખવતા. આટલું શીખી લે એટલે ભણતર પૂરું થાય. તેથી વધારે ભણવું હોય તો સુરત જવું પડે. ત્યાં જવાની વાત નહોતી.

માનસેનને હવે કંઈ કામ ન રહ્યું.

નવરા બેસવાનું માનસેનને ગમે નહીં. પિતાજી ઘણી વાર એને વેપારનું કામ બતાવતા.

માનસેન તે કામ તરત જ કરી આપતો. પિતાજીને એમ થતું કે, છોકરો નાનો છે, પણ ચતુર છે. તેને વેપારનું કામ શીખવીએ. હમણાં ભલે હરેફરે. પોતે સુરત જતા ત્યારે માનસેનને સાથે લઈ જતા.

ત્યારે મોગલાઈ રાજ હતું.

અંગ્રેજો હજી આવ્યા નહોતા.

સુરતનું નગર જબરું બંદર ગણાતું હતું. ત્યાં તાપી નદી છે. દેશદેશના વેપારીઓ ત્યાં વહાણો લઈ આવતા. તાપીનાં પાણી આમ તો છીછરાં છે, પણ દરિયાની ભરતીનું પાણી સુરત સુધી આવે છે, ત્યારે તાપીનું પાણી દરિયા જેવું ઊંડું બની જાય છે. તેમાં વહાણો આવી શકતાં હતા.



દેશદેશનાં વહાણો સુરતને કિનારે આવતાં હતાં. ભાતભાતની ધજાઓ આ વહાણો ઉપર ફરકતી હોય.

માનસેનને દેશદેશનાં વહાણો જોવાનું ઘણું ગમતું હતું.

ડક્કા કિનારે અનેક વહાણો ઊભાં હોય, ત્યાં જઈને માનસેન બેસે. પરદેશથી આવેલા વહાણિયાને જુએ. વહાણમાં કામ કરે તેને વહાણિયા કહે છે. કોઈ કોઈની સાથે વાત પણ કરે. કોઈની પાસેથી આફ્રિકાની વાત સાંભળવા મળે. ઓહો! સાત સાગર પાર કરીને આફ્રિકા જવાય. કોઈ વળી અરબસ્તાનની વાત કહે. ખજૂર ત્યાં પાકે છે. રેતીનાં જબરાં રણ પણ ત્યાં છે. આવી દેશદેશની વાતો સાંભળીને માનસેન ભારે આનંદ પામે. મનમાં થાય કે હું પણ આવાં વહાણમાં બેસીને ઊપડું. મોટા ભાઈ ત્રણ-ચાર વરસે આવ્યા. ત્યારે માનસેન ભણી ચૂક્યો છે. મોટા ભાઈએ વિચાર કર્યો, કે માનસેનને પણ લંકા લઈ જવો. લંકામાં તેમની મોટી પેઢી છે. તેમાં વેપારનું કામ શીખશે.

માનસેનના પિતાજીને આ વાત ગમી. બાળકોને નાનપણથી જ કંઈ ઉપયોગી કામમાં રોકવાં જોઈએ.

તેથી પણ વધારે માનસેનને આ વાત ગમી ગઈ. વહાણની સફર થાય. લંકા જેવો દેશ જોવાય.

મોટા માણસો પાસેથી સાંભળ્યું હતું, કે દેશ-પરદેશ ફરે છે, તે પંડિત બને છે. વાંચેલું ભૂલી જવાય છે, પણ જોયેલું ભુલાતું નથી. સાંભળેલું ભૂલી જવાય, પણ અનુભવેલું કદી ભુલાતું નથી.

ખરું જ્ઞાન વાંચેલી ચોપડીમાંથી નથી મળતું, પણ જોવા-જાણવાથી મળે છે. સાકરનો સ્વાદ કેવો હોય તે સાકરની વાત વાંચવાથી સમજાય નહીં, પણ સાકર ખાવાથી જ સમજાય. એનું નામ અનુભવ.

આવા અનુભવથી માણસની બુદ્ધિ વધે છે.

વાત નક્કી થઈ ગઈ. માનસેનને લંકા લઈ જવાનું પાકું થયું.

તૈયારી થઈ. સારું મહુરત જોઈને માનસેન વહાણમાં બેઠો. વહાણ હંકારી દીધું. સાગર ઉપર વહાણ કેવી રીતે ચાલે છે તે જાણીને માનસેનને મઝા આવી.

ભારે લહેરથી મુસાફરી પૂરી થઈ.

લંકાનો ટાપુ આવી ગયો.

કિનારે ઊતરીને ગામમાં ગયા.

મોટા ભાઈએ માનસેનને આખું લંકાનગર ફરી ફરીને બતાવ્યું.

મોટા ભાઈએ વિચાર કર્યો, કે હમણાં માનસેન ભલે ફરતો અને નગરનો જાણીતો થતો. તેથી તેને બે-ચાર કલાક પેઢીનું કામ કરવા બેસાડે. પછી જ્યાં ફરવું હોય ત્યાં જવા દે.

માનસેન નગર બહાર નીકળી જાય. દરિયાને કિનારે વગડામાં બધે ફરે. ભગવાન બુદ્ધનાં મંદિરો ઠેર ઠેર દેખાય. લંકામાં બધા લોકો ભગવાન બુદ્ધનો ચલાવેલો અહિંસા અને પ્રેમનો ધર્મ પાળે છે. લંકાનો ટાપુ હરિયાળો છે. જંગલ અને ઝાડીથી ભરપૂર છે.

એક દિવસ ફરતો ફરતો માનસેન એક તળાવને કિનારે જઈ પહોંચ્યો. ચારે બાજુ ઝાડી હતી. તળાવ પણ કંઈક મોટું હતું. શહેરથી પાંચ છ માઈલ દૂર હતું. આટલે બધે દૂર માનસેન નીકળી આવ્યો. હવે ઝટ પાછા જવું જોઈએ. પાછું નગરમાં પહોંચતાં સમય લાગે. થોડી વાર તળાવને કિનારે બેસીને પાછા જવાનો વિચાર કર્યો. થોડી વાર થઈ હશે કે બાજુમાં વાઘની ઘુઘવાટી સંભળાઈ. ઉપરાઉપરી ચીસો સંભળાઈ. માનસેન ઊભો થઈ ગયો. વાઘ આવી રીતે ઘુઘવાટી કરતો નથી. તો નક્કી કંઈ હોવું જોઈએ. આ કંઈ અમસ્તી ઘુઘવાટી જેવો બોલ નહોતો. ત્યાં તો વાઘની ચીસો ધીમી થઈ ગઈ.

માનસેન દોડ્યો. કિનારે ઝાડી જ હતી. જે બાજુથી ઘુઘવાટી આવેલી તે બાજુ ગયો. ઝાડીમાં પેસીને થોડે દૂર ગયો કે ભયંકર દેખાવ જોયો.

એક ઘોડો બાંધેલો છે. એક માણસને મોટા ઝાડ ઉપર ચડેલો જોયો. બીજા એક ઝાડની ડાળીએ એક તોતિંગ અજગર છે. તેણે વાઘને પકડી લીધો છે. વાઘની ડોક અને પીઠ ઉપર તે વીંટળાઈ ગયો છે. પહેલાં પેટ પર વીંટળાઈને પછી ગરદન ઉપર વીંટાયો હશે. હવે તેણે વાઘની ગરદન દબાવી દીધી. વાઘનું ગળું ભીંસાઈ ગયું હતું.

માનસેનના શરીરના વાળ ખડા થઈ ગયા. વિચારે છે કે આ વાઘને શી રીતે બચાવી શકે? પોતાની પાસે કશું હથિયાર પણ નથી. હા, માનસેન પાસે એક લાઠી હતી. ચાલો, લાઠી તો લાઠી.

હિંમત એ જ મોટું હથિયાર છે. હથિયાર પાસે હોય અને હિંમત ન હોય તો હથિયાર શા કાંમનું?

માનસેન દોડ્યો. ફડાફડ લાઠીઓ ઝીંકવા માંડ્યો. અજગરની ફેણ ઉપર લાઠી પડવા માંડી. મોઢા ઉપર માર વાગે તો પીડા થાય. માર બૂરો છે. અજગરે પોતાનું મોઢું નીચે લટકાવ્યું હતું. માનસેનને લાગ મળી ગયો. માનસેન ઉપર અજગર હુમલો કરે તેમ પણ નથી. તે ઝાડની ડાળે વીંટળાયેલો છે. છૂટે ત્યારે હુમલો કરી શકે. ભાગી શકાય એમ પણ નહોતું. ત્યાં તો માનસેનની લાઠીઓ આવી પડી. મોઢું લોથપોથ થઈ ગયું.

માનસેને ધડાધડ, ફડાફડ માંડી લાઠીઓ મારવા.

સાપ જેવું પ્રાણી મોઢાથી જ ભયંકર છે. તેનું મોઢું પહેલું છૂંદી નાખવું કે પકડી પાડવું જોઈએ.

દસ-વીસ લાઠીઓ પડી કે અજગર બેભાન બની ગયો. માથું લાઠીના મારથી ગાભા જેવું થઈ ગયું. અજગર જેવું તોતિંગ જાનવર ઢીલું થઈ ગયું. વાઘને પણ ભાન આવ્યું. તે પાછે પગે હઠવા માંડ્યો. તેથી અજગર ખેંચાવા માંડ્યો.

